सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી
ફોન અને ફેક્સ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-mail: amrelideo@gmail.com Website: www.deoamreli.com

અગત્યનું/તાત્કાલિક

ક્રમાંક:-માધ્ય/આચાર્ય/માહિતી/૨૨-૨૩/313-314 તા.૧૧/૦૧/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત માધ્ય અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

વિષય:-બિનસરકારી અનુદાનિત માધ્ય અને ઉ.મા. શાળાઓમા તા.૩૧/૦૫/૨૦૨૩ ની સ્થિતિએ આચાર્યની વિગતો મોકલી આપવા બાબત

સંદર્ભ:-કમિશનરશ્રી શાળાઓની કચેરી-ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૦૪૨-૭૫, તા.૧૧/૦૧/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, આ જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્ય અને ઉ.મા. શાળાઓમા આચાર્યની ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ ના જાહેરનામા અને તેમાં થયેલ વખતોવખત સુધારાની જોગવાઇઓ અન્વયે હાથ ધરવામાં આવે છે.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૫/૨૦૨૩ ના રોજ થનારી વયનિવૃતિને ધ્યાને લઇ તા.૦૧/૦૬/૨૦૨૩ ની સ્થિતિએ આચાર્યની ખાલી જગ્યાની વિગત આ સાથે સામેલ નિયત નમૂનાના પત્રકમા કોઇ પણ જાતના ફેરફાર કર્યા વગર EXCEL SHEET સોફ્ટ કોપી ઇ-મેઇલથી(ENGLISH-CALIBRI FONT, FONT SIZE-12) તથા હાર્ડ કોપી સહી સિક્કા સાથે આ કચેરીની માધ્યમિક શાખામા તા.૧૩/૦૧/૨૦૨૩ સમય ૧૨:૦૦ વાગ્યા સુધીમા રજુ કરવા જણાવવામા આવે છે.

જે શાળાઓની માહિતી નીલ હોય તેમણે પણ નીલ માહિતી અવશ્ય મોકલવાની રહેશે. નિયત સમય મર્યાદામા માહિતી નહિ મળે અને જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી શાળા મંડળ તથા આચાર્યની રહેશે.

નોંધ:- માહિતી madhyamik.amrelideo@gmail.com ઉપર મોકલવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

બિડાણ:- માહિતી પત્રક

નકલ રવાના જાણ તથા અમલાર્થે:-
શિ.નિ.શ્રી તથા મ.શિ.નિ.શ્રી તમામ,
/-ઉપરોક્ત આપના બીટની માહિતી સમયસર રજૂ થાય તે અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા સારૂ

Scanned with CamScanner

ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૩/૧૦૪૨-૭૫

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડો.જે.એમ.ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા.૧૧/૧/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

વિષય: રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૫/૨૦૨૩ની સ્થિતિએ આચાર્યની ખાલી જગ્યાની વિગતો મોકલી આપવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૦૯-૧૯૦૬-ગ તા.૨૯/૧૧/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧ તા.૧૭/૧૨/૨૦૧૫
(૩) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭૭/બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/જી તા.૨૫/૭/૨૦૧૭
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ તા.૦૯/૦૮/૨૦૧૭
(૫) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/ગ તા.૨૯/૦૯/૨૦૧૭
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ તા.૨૫/૧૦/૨૦૧૭
(૭) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૪૫/બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/ગ તા.૨૧/૧૦/૨૦૨૦
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૧૦૬/૨૧૩૮/ગ.૧ તા.૨૭/૦૯/૨૦૨૨
(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૮૫૮/ગ તા.૧૦/૧૦/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામા અને તેમાં થયેલ વખતોવખતના સુધારાની જોગવાઈઓ અન્વયે હાથ ધરવામાં આવે છે.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૫/૨૦૨૩ના રોજ થનારી વયનિવૃત્તિને ધ્યાને લઈ તા.૦૧/૦૬/૨૦૨૩ ની સ્થિતિએ આચાર્યોની ખાલી જગ્યાઓની વિગત આ સાથે સામેલ નિયત નમૂનાના પત્રકમાં જ સોફ્ટ કોપી (ENGLISH-CALIBRI FONT, SIZE-12) તથા હાર્ડ કોપીમાં સુવાચ્ય રીતે ઈ-મેઈલ ssmadhyamik2@gmail.com પર તા.૧૬/૦૧/૨૦૨૩ સુધી મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ - ઉપર મુજબ

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૭૭
શાખાનું નામ: માધ્યમિક
તારીખ: 11-1-23

ખાસ નોંધ:-

1. શાળા કક્ષાએથી સીધા રાજ્ય કક્ષાએ ઈ-મેઈલ ન થાય તે બાબત ધ્યાને લેવાની રહેશે.
2. આપના કચેરીમાં આચાર્ય ભરતી સબબની કામગીરી સંભાળતા અધિકારી (વર્ગ-૨) અને કર્મચારીના નામ અને મોબાઈલ નંબર અચૂક મોકલી આપવાના રહેશે.

આચાર્યની ખાલી જગ્યાઓની વિગતો રજૂ કરવા અન્વયે ધ્યાને લેવાની સૂચનાઓ:-

- આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની શાળાઓમાં વર્ગ ઘટાડા/શાળા બંધ થવાના કારણે "રક્ષિત ફાજલ આચાર્યોને" સમાવવાની કાર્યવાહી કર્યા બાદ ખાલી રહેતી આચાર્યોની જગ્યાઓની વિગતો મોકલવાની રહેશે.
- જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી હોય તે શાળાઓની માહિતી નિયત નમૂનાના પત્રકમાં જ દર્શાવવાની રહેશે.
- શિક્ષણ વિભાગના તા.૨૭/૦૯/૨૦૨૨ના ઠરાવથી વર્ગ વધારા/ઘટાડા તથા ગ્રાન્ટકાપની માર્ગદર્શક સૂચનાઓ નિયત કરવામાં આવેલ છે. તે મુજબ વિદ્યાર્થીસંખ્યા ધરાવતા વર્ગો માટે કોઈ જગ્યાની ભરતી કરવાની ન હોવાથી તેનો સમાવેશ કરવો નહીં.
- જે તે શાળામાં આચાર્યની ખાલી જગ્યા દર્શાવતા સમયે શિક્ષણ વિભાગના તા.૧૭/૧૨/૨૦૧૫ના ઠરાવ અને તેમાં થયેલ વખતોવખતના સુધારાથી નિયત થયેલ શૈક્ષણિક મહેકમના રેશિયા સબબની જોગવાઈનું પાલન થાય તે ધ્યાને રાખવાનું રહેશે.
- શિક્ષણ વિભાગના તા.૧૦/૧૦/૨૦૨૨ના ઠરાવથી એક એક વર્ગવાળી ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ વિદ્યાર્થી અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓમાં ૩+૧ નું સેટઅપ મંજૂર કરવાના નિર્ણય અન્વયે, સદર શાળામાં શિક્ષક જાળવી, આચાર્યની જગ્યા દર્શાવેલ હોય તો REMARKS ના કોલમમાં "૩+૧ ના સેટઅપ" મુજબ સ્પષ્ટ દર્શાવવું.

નોંધ પર માન.નિયામકશ્રીના આદેશ અનુસાર

બિડાણ:- નિયત નમૂનાનું પત્રક

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

Scanned with CamScanner

## બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓમાં આચાર્યની તા.૩૧/૦૫/૨૦૨૩ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગત

| SR. NO | SECONDARY / HIGHER SECONDARY | SCHOOL DISE CODE | SCHOOL NAME | VILLAGE NAME | BLOCK NAME | DISTRICT NAME | SCHOOL ADDRESS | SCHOOL AREA (RURAL, URBAN) | SCHOOL TYPE ( STD 9 & 10, STD 11 & 12, STD 9 TO 12) | SCHOOL TYPE (CO-EDUCATIONAL, GIRLS, BOYS, SPECIAL SCHOOL) | STREAM (SCIENCE, GENERAL, UTTAR BUNIYADI) | MEDIUM | TOTAL NUMBER OF CLASS STD-9 | TOTAL NUMBER OF STUDENTS IN STD-9 | TOTAL NUMBER OF CLASS STD-10 | TOTAL NUMBER OF STUDENTS IN STD-10 | TOTAL NUMBER OF CLASS STD-11 | TOTAL NUMBER OF STUDENTS IN STD-11 | TOTAL NUMBER OF CLASS STD-12 | TOTAL NUMBER OF STUDENTS IN STD-12 | REASON FOR VACANT POST | FROM WHICH DATE THIS VACANT POST ARISED | SECONDARY | | | | HIGHER SECONDARY | | | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | | | | | | | | | કુલ મંજુર મહેકમ (આચાર્ય સહિત) | ભરાયેલ જગ્યાઓ | શિક્ષકોની ખાલી જગ્યા | આચાર્યની ખાલી જગ્યા | કુલ મંજુર મહેકમ | ભરાયેલ જગ્યાઓ | શિક્ષકોની ખાલી જગ્યા | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

નોંધ : શિક્ષણ વિભાગના તા. ૧૦/૧૦/૨૦૨૨ના ઠરાવથી એક એક વર્ગવાળી ગ્રામ્ય વિસ્તારમાં - ૫૦ અને શહેરી વિસ્તારમાં ૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓમાં ૩+૧નું સેટઅપ મંજુર કરવાના નિર્ણય અન્વયે, સદર શાળામાં શિક્ષક જાળવી, આચાર્યની જગ્યા દર્શાવેલ હોય તો, Remarks ના કોલમમાં " ૩+૧ ના Set Up" મુજબ સ્પષ્ટ દર્શાવવું.

નોંધ : જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી હોય તે શાળાઓની માહિતી નિયત નમૂનાના પત્રકમાં દર્શાવવાની રહેશે.

Scanned with CamScanner